બાર વર્ષે મળવાપાત્ર પ્રથમ ઉચ્ચતર
પગાર ધોરણ મંજુર કરવા બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક : આઈસીડી/૧૦૨૦૧૮/૧૮૨૫/બ૧
સચિવાલય, ગાંધીનગર
તા.૦૧/૧૧/૨૦૨૧.

**વંચાણે લીધા :-**

(૧) નાણા વિભાગનો તા.૧૬/૮/૧૯૯૪ ના ઠરાવ ક્રમાંક: પગર/૧૧૯૪/૪૪/મ
(૨) નાણા વિભાગના તા.૨/૭/૨૦૦૭ના ઠરાવ ક્રમાંક: પગર/૧૦૨૦૦૭/૬૧૫/મ
(૩) કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરીના તા.૨૧/૧૦/૨૧ના પત્ર ક્રમાંક: મકમ-૨/પ્રથમ ઉ.પ.ધો.કાર્યવાહી નોંધ/આઇસીડીએસ/૨૦૨૧/૫૮૧૯૯

**ઠરાવ :-**

વંચાણે લીધા (૧) અને (૨) પરના નાણા વિભાગના ઠરાવની જોગવાઇ અનુસાર વંચાણે લીધા (૩) માં દર્શાવેલ પત્રથી નિયામકશ્રી(આઈસીડીએસ)દ્વારા બાળ વિકાસ યોજના અધિકારી વર્ગ-૨ ને પ્રોગ્રામ અધિકારી વર્ગ-૧ ની જગ્યાનું પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવા માટે દરખાસ્ત કરવામાં આવેલ હતી. આ દરખાસ્ત અન્વયે નીચે મુજબના બાળ વિકાસ યોજના અધિકારી વર્ગ-૨ને બાર વર્ષે મળવાપાત્ર પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ નીચેની શરતોને આધીન મંજુર કરવામાં આવે છે:

| ક્રમ | સીડીપીઓ/ પ્રોગ્રામ અધિકારીનું નામ | ફરજનો જિલ્લો | સીડીપીઓમાં નિમણૂકની તારીખ | ૧૨ વર્ષ પૂર્ણ કર્યા તારીખ | ૧૨ વર્ષે મળવાપાત્ર ઉપધોની તારીખ |
|---|---|---|---|---|---|
| ૧ | અંજનાબેન બી. જોષી | પોરબંદર | ૨૮-૩-૨૦૦૧ | ૨૭-૩-૨૦૧૩ | ૨૮-૩-૨૦૧૩ |
| ૨ | ઇનાબેન આઇ. જોષી | અરવલ્લી | ૦૪-૪-૨૦૦૧ | ૦૩-૪-૨૦૧૩ | ૦૪-૪-૨૦૧૩ |
| ૩ | દક્ષાબેન ડી. તબીયાર | સુરત | ૧૬-૫-૨૦૦૫ | ૧૫-૫-૨૦૧૭ | ૧૬-૫-૨૦૧૭ |
| ૪ | વત્સલાબેન એસ. દવે | જુનાગઢ કોર્પોરેશન | ૨૧-૫-૨૦૦૫ | ૨૦-૫-૨૦૧૭ | ૨૧-૫-૨૦૧૭ |
| ૫ | શારદાગૌરી સી. દેસાઇ | જૂનાગઢ | ૦૫-૫-૨૦૦૫ | ૦૪-૫-૨૦૧૭ | ૦૫-૫-૨૦૧૭ |

(૧) નાણા વિભાગના તા.૨/૭/૨૦૦૭ના ઠરાવની જોગવાઈઓને અનુલક્ષીને સળંગ બાર વર્ષની સેવા પૂર્ણ થતાં સંકલિત બાળ વિકાસ યોજના અધિકારી વર્ગ-૨ને બઢતીનું પ્રોગ્રામ અધિકારી વર્ગ-૧નું પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ છઠ્ઠા પગાર પંચ પ્રમાણે રૂ. ૧૫૬૦૦-૩૯૧૦૦, ગ્રેડ પે-૫૪૦૦(સાતમાં પગારપંચ મુજબ રૂ. ૫૬૧૦૦-૧૭૭૫૦૦, પે મેટ્રીક્સ લેવલ-૧૦)મંજુર કરવામાં આવે છે.
(૨) આ યોજના હેઠળ ઉચ્ચતર પગાર ધોરણમાં પગાર બાંધણી થાય ત્યાર પછીનો ઈજાફો નિયમાનુસાર મળવાપાત્ર થશે.
(૩) કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસ કચેરીએ ઉચ્ચતર પગાર ધોરણ મંજૂરી અંગેના વિગતવાર હુકમો કરવાના રહેશે.
(૪) નિમણૂકની તારીખથી સળંગ બાર વર્ષ પુર્ણ થયા તારીખ સુધીના સમગયાળાની વચ્ચેના સમયગાળામાં જો કોઈ બિનપગારી રજા હોય તો તેને ધ્યાને લઈ તેટલા દિવસ પછીની તારીખ ઉપધો મંજુર કરવાનું રહેશે.
(૫) ઉચ્ચતર પગારધોરણની યોજના હેઠળ ચૂકવવાપાત્ર રકમની ચુકવણી કરતાં પહેલા સંબંધિત કર્મચારી/અધિકારી પાસેથી નાણા વિભાગના સંદર્ભ(૨) માં દર્શાવેલ ઠરાવ સાથેની અનુસૂચિ-૩ મુજબનું બાંહેધરી-ખત ખાતા/કચેરીના વડાએ મેળવવાનું રહેશે.
(૬) આ યોજના હેઠળ ઉચ્ચતર પગાર ધોરણનો લાભ મેળવનાર દરેક કર્મચારીએ નાણા વિભાગના સંદર્ભ-(૨) માં દર્શાવેલ ઠરાવ સાથેની અનુસૂચિ -૨ અનુસાર લેખિત બાંહેધરી આપવાની રહેશે કે જયારે તેને બઢતી મળશે ત્યારે તેનો તે અસ્વીકાર કરશે નહી. આ યોજનાનો હાર્દ બઢતીના અભાવ/મર્યાદિત તકો સંદર્ભે લાભ આપવાનો હોઈ બઢતીનો અસ્વીકાર કરનારને તેનો લાભ આપી શકાય નહી. ઉચ્ચતર પગાર ધોરણ

મેળવનાર કર્મચારી બઢતી મળવાના પ્રસંગે કોઈપણ કારણસર બઢતીનો અસ્વીકાર કરશે તો આ યોજના હેઠળ મેળવેલ લાભ તેણે જતો કરવો પડશે અને તેને તેના મૂળ નીચલા પગાર ધોરણમાં પાછા હઠાવવામાં આવશે તેમજ તેને આ યોજના હેઠળ ઉચ્ચતર પગાર ધોરણનો લાભ મળેલ ન હોત તો મૂળ નીચલા પગાર ધોરણમાં જે પગાર મળતો હોત તે પગાર તે મેળવશે.

આમ છતાં, મૂળ પગાર ધોરણમાં પાછા હઠાવવાના કારણે કર્મચારીએ જેટલા સમયગાળા માટે ઉચ્ચતર પગાર ધોરણમાં પગાર અને ભથ્થા મેળવ્યા હોય તે રકમની વસુલાત કરવાની રહેશે નહી.

(૭) આ યોજના હેઠળ નકકી થયેલ પગાર બાંધણીની ચકાસણી સંબંધકર્તા ઓડીટ તંત્ર દ્વારા કરાવવાની થશે.

(૮) નાણા વિભાગના તા.૦૧/૦૫/૨૦૦૨ના ઠરાવ અનુસાર અગાઉની સળંગ થયેલ સેવામાં જો ઉચ્ચતર પગારધોરણ મેળવેલ હોય તો ઉક્ત ઠરાવ અનુસાર ખાતા/કચેરીના વડાએ બાહેધારી મેળવી એ મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર વિભાગના સચિવશ્રીની તા.૩૦-૧૦-૨૧ની નોંધથી મળેલ મંજુરીથી આ ઠરાવ બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ગોપાલસિંહ યાદવ)
સેકશન અધિકારી
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

(૧) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
(૨) નિયામકશ્રી, (આઈસીડીએસ) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
(૩) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશનની કચેરી જુનાગઢ , જુનાગઢ
(૪) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, અરવલ્લી, સુરત, જુનાગઢ, પોરબંદર.
(૫) પગાર અને હિસાબી અધિકારીશ્રીની કચેરી,
(૬) નિવાસી ઓડિટ અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર.
(૭) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, અરવલ્લી, સુરત, જુનાગઢ, પોરબંદર
(૮) એકાઉન્ટન્ટ, જનરલશ્રીની કચેરી, અમદાવાદ/રાજકોટ
(૯) સંબંધિત જિલ્લા પ્રોગ્રામ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, અરવલ્લી, સુરત, જુનાગઢ, પોરબંદર
(૧૦) અંજનાબેન બી. જોષી, જિલ્લા પ્રોગ્રામ અધિકારી, પોરબંદર જિલ્લા પંચાયત કચેરી, જિ.પોરબંદર.
(૧૧) ઈનાબેન આઇ. જોષી , જિલ્લા પ્રોગ્રામ અધિકારી, અરવલ્લી, જિલ્લા પંચાયત કચેરી, જિ.અરવલ્લી.
(૧૩) દક્ષાબેન ડી. તબીયાર, જિલ્લા પ્રોગ્રામ અધિકારી, સુરત, જિલ્લા પંચાયત કચેરી, જિ.સુરત.
(૧૪) વત્સલાબેન એસ. દવે મ્યુનિસિપલ કોર્પોરેશનની કચેરી જુનાગઢ , જુનાગઢ
(૧૫) શારદાગૌરી સી. દેસાઇ , જિલ્લા પ્રોગ્રામ અધિકારી, જુનાગઢ, જિલ્લા પંચાયત કચેરી, જિ.જુનાગઢ.
(૧૬) સેકશન અધિકારીશ્રી, મ, શાખા નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૧૭) નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઈલ.
(૧૮) શાખા સિલેકટ ફાઈલ.